# <u>ફોજદારી કેસ નં.૯૬૭૪૭/૨૩</u>

# <u>:: આંક : ૧ નીચે હુકમ ::</u>

(૧) બંન્ને પક્ષોની વિનંતીથી સદર કેસ આજરોજ લોકઅદાલતમાં મેજીસ્ટ્રેટના સ્પેસીટીંગમાં નિર્ણયાર્થે લેવામાં આવેલ છે.

ફરિયાદપક્ષના આક્ષેપ મુજબ આ કામના આરોપી/ઓએ સંબધિત કંપની એક્ટ ૧૯૫૬/૨૦૧૩, કલમ-૯૯ મુજબનો ગુનો કરેલ છે. બંન્ને પક્ષકારો મુજબ કંપની દ્વારા સમયમર્યાદામાં સંબંધિત કામગીરીમાં **<u>૩૩૭૧ દિવસ</u>** વિલંબ થયાનો આક્ષેપ છે.

કંપની પ્રોસીક્યુટર તરફે કબુલાત પુરશીશ પરત્વે આરોપીપક્ષને લઘુત્તમથી ઓછી સજા નહી કરવા દલીલો કરેલી છે.

(૨) આરોપીપક્ષ અદાલત સમક્ષ ઉપસ્થિત થતા, આરોપીપક્ષને ફરિયાદ પેપર્સની નકલો આપ્યા બાદ, આરોપીપક્ષની પ્લી ગુના સબબ નોંધતા, આરોપીપક્ષે પોતાની સામેના ગુનાનો સ્વેચ્છીક એકરાર કરી કબૂલાત પુરસીસ આપેલ છે. આરોપીપક્ષે ગુનાનો એકરાર સ્વેચ્છીક રીતે કરેલ હોય, આરોપીએ અદાલત સમક્ષ પારાવાર પસ્તાવો વ્યકત કરેલ હોય, ભવિષ્યમા આવા પ્રકારનો ગુનો નહી કરવા ખાત્રી આપતા હોય, આ કામના આરોપીએ પોતાનાથી અજાણતા, ઈરાદા સિવાય, રોજબરોજની કામગીરીમાં, કંપનીની નબળી નાંણાકીય સ્થિતીના લીધે આવા પ્રકારનો ગુનો પ્રથમવાર ગુનો થયાનું જણાવેલ હોય અને ભવિષ્યમાં આ પ્રકારનો ગુનો ફરીથી નહી કરવા ખાત્રી આપેલ છે. આરોપીપક્ષે ગુનાનો એકરાર કરેલ હોય, સજા કરવી જોઈએ તેમ માનું છું. આરોપીપક્ષે જણાવેલ છે કે, <u>ન્યાયમૂર્તિ ડો. જે. એન.ભટ્ટ સાહેબે સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હરચંદ ઠાકોર (ક્રિમીનલ અપીલ નંબર ૪૭૭/૨૦૦૨ વિગેરે)</u>ના ચુકાદામાં યોગ્ય અને ખાસ કારણો હોય તો ન્યુનતમથી ઓછી સજા કરી શકાય તેવા સિધ્ધાંતો પ્રસ્થાપિત કરેલા છે.આ સિવાય પણ રજુઆત કરેલ છે કે, (૨૦૧૫)૩૮ જી.એચ.જે ૩૫૪(સ્ટેટ ઓફ ગુજરાત વિ.રાજેશકુમાર રતનલાલ સીંધી)માં જુગાર ધારા ક.૪ ના કેસમાં લઘુત્તમથી ઓછો દંડ કરવાનો હુકમ થયેલ, તેમજ ૨૦૧૩(૨) જી.એલ.આર.૯૭૪(રમેશચંદ્ર ભીખાલાલ સોની વિ.સ્ટેટ ઓફ ગુજરાત), ૨૦૦૭(૨)) જી.એલ.એચ. ૧૫૪ (ગુરૂમુખદાસ ટોપણદાસ વિ. ગુજરાત રાજ્ય)ના કેસમાં પણ લઘુત્તમથી ઓછી સજા કરવાના સિધ્ધાંત સ્થાપિત થયેલ છે. જેનો લાભ આપવા અરજ કરેલ છે.

વધુમાં રજુઆત છે કે, સદર ગુનો સમન્સ ટ્રાયલથી ચાલવાપાત્ર, સમાધાનલાયક છે. વધુમાં આરોપીપક્ષે રજુઆત કરેલ છે કે, હાલમાં નબળી નાણાંકીય પરિસ્થિતીના લીધે કંપની બંધ થયેલી છે કે કંપનીની કામગીરી નહિવત થઈ ગયેલ છે જેથી કંપની બંધ થવાના આરે છે. વધુમાં રજુઆત કરેલ છે કે, જે તે સમયે ખોટી સલાહ મળવાના લીધે આ ગુનો થયેલ છે અને તેથી આરોપીપક્ષને કોઈ નાંણાકીય લાભ મળેલ નથી કે સરકારશ્રીને કોઈ રેવન્યુ લોસ થયેલ નથી. વધુમાં રજુઆત છે કે, જો ઘણાબધા દિવસનો વિલંબ ગણી મોટો દંડ કરવામાં આવે તો આરોપીની આર્થિક સ્થિતી વધુ વિકટ બને તેમ છે અને કાયદાને માન આપવાની વૃત્તિ બતાવી બાકી રીટર્ન કે કામગીરી પુર્ણ કરેલ છે અને છતા બાકી હોય તો તેઓ પુર્ણ કરવા તૈયાર છે. વધુમાં રજુઆત છે કે, નવા કંપની ધારાની કલમ-૪૪૬ એ મુજબ દંડ/સજા નક્કી કરતા સમયે size of the company, nature of business carried on by the company, injury to public interest, nature of the default, repetition of the default ધ્યાને લેવુ જોઈએ. વધુમાં રજુઆત કરેલ છે કે, કલમ-૪૪૬બી મુજબ એક વ્યકિતની કંપની કે સ્મોલ કંપનીના કેસમાં ક.૯૨(૫), ૧૧૭(૨), ૧૧૭(૩), ૧૩૭(૨) મુજબ આપવામાં આવેલ સજા/દંડની જોગવાઈથી ૧/૨ સજા/દંડ અદાલત કરી શકે છે તેવા પ્રબંધ કરેલા છે. વધુમાં રજુઆત છે કે, કલમ-૪૪૧(૩)(સી) ના પ્રબંધો મુજબ ગુનો સંબધિત સત્તાધિકારી સમક્ષ સમાધાન કરવામાં આવેલ હોય તો આરોપી સામે ફરીયાદ દાખલ કરી શકાય

નહી અને જો ફરીયાદ દાખલ કરેલ હોય તો કલમ–૪૪૧(૩) (ડી) મુજબ તેમાં સમાધાનના હુકમની હકીકત જણાયેથી આરોપીપક્ષને ડીસ્ચાર્જ કરવાના પ્રબંધ કરેલા છે. જેથી આરોપીપક્ષે લોકઅદાલતમાં આ પ્રબંધોમાંથી મળવાપાત્ર લાભ અપાવવા અરજ કરેલી છે.

(૩) ઉપરોકત તમામ હકીકત, નામ.હાઈકોર્ટે પ્રસ્થાપિત સિધ્ધાંત, કંપની એકટના પ્રબંધો ધ્યાને લ ેતા સદર કેસ ફકત દંડ કરી ફેસલ કરવામાં આવે તો તે ન્યાયોચિત જણાઈ આવે છે. આ બાબતે ફરીયાદપક્ષે પણ કોઈ વાંધો લીધેલ નથી. જેથી ન્યાયના વિશાળ હીતમા નીચેનો હુકમ કરવામા આવે છે.

**–:<u>હુકમ</u>:–**

૧) આરોપીપક્ષને ક્રિ.પ્રો.કોડની કલમ ૨૫૨ મુજબ કંપની એકટની ઉપરોકત ગુના સબબ તકસીરવાન ઠરાવવાનો હુકમ કરવામાં આવે છે.

૨) કંપની એકટની કલમ– ૭૪ ના સદર ગુના સબબ, આરોપી નં.૧ કંપનીને <u>રુ.૧,૦૦૦/–</u> નો દં ડ કરવાનો હુકમ કરવામાં આવે છે. જયારે કંપનીના ડીરેકટર એવા આરોપી નં. ૨, ૩ દરેકને <u>રુ.૧,૦૦૦/–</u> નો દંડ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ સિવાય આરોપી નં.૧ કંપનીને પ્રત્યેક દિવસના વિલંબ પેટે રુ.<u>૫</u> લેખે <u>કુલ–૩૩૭૧</u> દિવસના વિલંબ પેટે <u>**રુ.૧૬,૮૫૫**/– નો દંડ કરવાનો હુકમ કરવામાં આવે છે.</u> જો આરોપીઓ દંડ ન ભરે તો તેઓને એક માસની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

આમ, આરોપી નં.૧ કંપનીએ કુલ રુ.૧૭,૮૫૫/– તથા આરોપી નં.૨, ૩ નાઓએ દરેકે રુ.૧ ,૦૦૦/– દંડ ભરપાઈ કરવાનો રહેશે. **(કુલ દંડ રૂ.૧૯,૮૫૫/–)**

૩) આ કામે કંપની એકટની કલમ–૪૪૬ અન્વયે ફરીયાદપક્ષને થયેલ ખર્ચ પેટે વસુલ થયેલ દંડમાં થી **રુ.૫૦૦/–** ફરીયાદપક્ષને રીફંડ વાઉચર નિયમોનુસાર બનાવીને ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

૪) આરોપપક્ષને સદર કેસમાંનુ આક્ષેપિત રીટર્ન ભરવાનું કે કામગીરી બાકી હોય તો સદર હુકમથી દિન–૩૦ માં તે પુર્ણ કરવાનું રહેશે.

હુકમ આજરોજ વાંચી, સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

તારીખ : ૨૨/૦૬/૨૦૨૪.
અમદાવાદ.(લો.અ.–સ્પે.સીટીંગ)

**(સનત જયંતિલાલ પંચાલ)**
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ, અમદાવાદ.
(જી.જે.૦૦૮૬૪)